# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-09-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં ઇદની ઉજવણી

**સમગ્ર દેશની સાથે કચ્છમાં આજે પયગંબર સાહેબના જન્મદિનના અવસરે ઈદ મિલાદ-ઉન-નબીની ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લામાં વિવિધ સ્થળોએ ખાસ કાર્યક્રમ યોજાયા હતા જેમાં બાલ મુબારકની જિયારત, તકરીર, ન્યાઝ સાથે જરૂરતમંદોને ખૈરાત આપી ઇદે મિલાની ઉજવણી કરવામાં આવી હતી. ભુજ ખાતે મહેફિલે બાગે રસુલ કમિટી દ્વારા સતત 33માં વર્ષે ભવ્ય ઝુલુસનું આયોજન કરાયું હતું. તો રાપર, અંજાર, નલિયા, ગઢશીશા સહિતના ગામોમાં ઝુલુસ નીકળ્યા હતા. જુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. ઇદ પર્વ નિમિત્તે શાંતિ અને ભાઇચારાનો સંદેશો વહેતો કરાયો હતો.**

---

## કચ્છમાં શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત

**શિક્ષક દિવસ નિમિત્તે આજે કચ્છ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત સમારોહ ભુજની મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે યોજાયો હતો.**

**આ સમારોહમાં 4 જિલ્લા કક્ષાએ તથા 17 તાલુકા કક્ષાએ એમ કુલ મળીને 21 એવોર્ડ્સ જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્ય, જિલ્લા અને પ્રાથમિક શિક્ષણ અધિકારીની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળાઓમાં સરકાર દ્વારા લેવાતી જ્ઞાન સાધના, જ્ઞાન સેતુ, શિષ્યવૃતિ, nmms જેવી પરીક્ષાઓમા ઉચ્ચ મેરિટ પ્રાપ્ત કરનારા કચ્છના 15 વિદ્યાર્થીઓનું સન્માન કરાયૂં હતું.**

તો અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે કચ્છના પ્રાથમિક શાળાના શિક્ષક અનિલ રાઠોડને આજે ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો એવોર્ડ એનાયત થયો.

---------------------------------------------------------------------------------------

## નવરાત્રિની તૈયારી

કચ્છની દેશદેવી મા આશાપુરા માતાનામઢ ખાતે આસો નવરાત્રીની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે. આવતીકાલે જાગીર શાખા ખાતે નખત્રાણા-લખપત પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને વિવિધ કચેરીના વડા તથા જાગીર ટ્રસ્ટના ટ્રસટીઓ અને ગ્રામ પંચાયતની ટીમની સંયુક્ત બેઠક મળશે. આ બેઠકમાં નવરાત્રી મહોત્સવની સમીક્ષા કરવામાં આવશે. ગ્રામ પંચાયત દ્વારા માતાનામઢમાં 150 જેટલા નાના મોટા પ્લોટોની ફાળવણી થશે. સ્વચ્છતા, પાણી, સુરક્ષા સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

નખત્રાણાથી માતામઢ સુધી નાના મોટા 200 ઉપરાંત પદયાત્રી કેમ્પો માટે જમીન સમથળ, સફાઇ, ઝાડી કટીંગ, લાઇટ મંજૂરી સહીતની પ્રક્રિયા કેમ્પના આયોજનો દ્વારા ચાલી રહી છે.

---------------------------------------------------------------------------------------

## GST – પ્રતિભાવ

ભારત સરકાર દ્વારા ડેરી ઉત્પાદનો પર જીએસટીમાં કરવામાં આવેલા ઘટાડાને દેશના લાખો દુધ ઉત્પાદક પશુપાલકો તથા ખેડૂતોએ આવકાર્યો છે. સરહદ ડેરી સાથે સંકળાયેલા 80 હજારથી વધુ પશુપાલકો તથા સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઇ હુંબલએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાણા મંત્રી નીર્મલા સીતારામણના આ નિર્ણય માટે આભાર વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે જીએસટીમાં ઘટાડાનો નિર્ણય પશુપાલક મિત્રો, ખેડૂતો સહિત ગ્રાહકો માટે પણ બજેટમિત્ર સાબિત થશે. ડેરી ઉત્પાદનોના ભાવમાં ઘટાડો થવાથી સામાન્ય જનતાને રાહત મળશે અને સાથે સાથે દેશના દૂધ ઉત્પાદકોને પણ વધુ નફાકારક ભાવ મળશે.

---------------------------------------------------------------------------------------

## જાહેરનામું

નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ખાતે 7 સપ્ટેમ્બરથી 10 સપ્ટેમ્બર સુધી લોકમેળાનું આયોજન થવાનું છે. મેળામાં આવનાર શ્રધ્ધાળુઓ મેળો માણી શકે તથા સરળતાથી ટ્રાફિક નિયમન થઇ શકે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા 7થી 10 સૃપ્ટેમ્બર સુધી નખત્રાણાના વિરાણી ફાટકથી દેશલપર-વાંઢાય સુધીના રસ્તા તથા મંગવાણા પલવાડથી યક્ષ ત્રણ રસ્તા બાજુ આવતા રસ્તા પર ભારે વાહનોની અવરજવર બંધ કરવા ફરમાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ

કચ્છમાં લાંબા મેઘવિરામ બાદ ફરી મેઘરાજાનું આગમન થયું છે. કચ્છ સહિત રાજ્ય પર સર્જાયેલા વરસાદી સિસ્ટમની અસર તળે ગઇકાલે બપોર બાદ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં ઝરમરથી માંડી ધોધમાર વરસાદ પડ્યો હતો. ગઇકાલે પડેલા વરસાદના કારણે આજે પણ વાતાવરણમાં ગરમીનો પ્રકોપ ઓછો રહ્યો હતો. આજે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. હવામાન વિભાગે અને અને આવતીકાલે જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------------

## સ્વામીત્વ યોજના

ભારત સરકારે સ્વામીત્વ યોજના હેઠળ ડ્રોપ માપણી કરવાનો નિર્ણય લીધો છે. એટલે કચ્છમાં બાકી રહી ગયા છે તે પૈકીના 63 ગામોમાં સર્વે ચાલુ કરી દેવાયું છે. અબડાસાના 26, અંજારના 7, ભુજ તાલુકાના 24, લખપતના 9, માંડવી-2, નખત્રાણા 2, મુંદરામાં ત્રણ ગામોમાં સ્વામિત્વ યોજના હેઠળ સર્વે કામગીરી ચાલુ કરી દેવાઈ છે. આ ગામોમા ડ્રોન ઉડાન કરી સર્વે હાથ ધરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

# નખત્રાણામાં મેળો

**નખત્રાણામાં રામદેવપીરનો ત્રિ-દિવસીય લોકમેળામાં હજારો સહેલાણીઓ ઉમટી પડયા હતા. નગરપાલિકા દ્વારા આયોજિત મેળામાં અંતિમ દિવસે બખ મલાખડો યોજાયો હતો. જેમાં 6 રાઉન્ડના અંતે પ્રથમ નંબરે આવેલા છ મલીઓને નગરપાલિકા તરફથી ઇનામો અપાયા હતા. બખ મલાખડામાં કુલ 45 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બખ મલાખડો જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા.**

---------------------------------------------------------------------------------------------